

## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



નિરંજન ઓઝા
(૧૯૩૯) ફોન : ૨૩૨ ૨૫૭૬૫



કાંતિલાલ પોપટલાલ પરમાર
(૧૯૩૭) ફોન : ૨૩૨ ૨૭૮૭૨



રમણભાઈ ડી. બારોટ
(૧૯૩૬) મો. ૯૪૦૯૫ ૬૩૨૭૪

## સહયોગ મંડળ ગાંધીનગર સમાજને રાહ ચીંધે છે

ગાંધીનગર, તા.૪

સહયોગ મંડળ ગાંધીનગર છેલ્લા ૧૧ વર્ષથી સમાજની જરૂરિયાતવાળા વિવિધ વર્ગોમાં જઈ તેમની જરૂરિયાતો જાણીને મદદરૂપ થવા પ્રયત્ન કરે છે.

શહેરની પ્રાથમિક શાળાઓમાં રૂબરૂ જઈ આચાર્યશ્રીનો સંપર્ક કરી જરૂરિયાતવાળા બાળકોની જરૂરિયાતો જેવી કે સ્લેટ પેન, પ્રેન્સિલ, કંપાસ, નોટો, રબર, ચોપડા વગેરે ૪૮ બાળકોને સેકટર-૬ ની સરકારી પ્રાથમિક શાળામાં વિતરણ કરેલ છે. શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પટેલ, સહયોગ મંડળના ડૉ. નટુભાઈ ત્રિવેદી, વૈદ્ય રમેશભાઈ, રતિલાલ સુથાર, બેચરભાઈ પ્રજાપતિ વગેરેએ સહયોગ આપેલ હતો.

## શબ્દાવલી - ૪૭૭૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ■ | ૫ | |
| ૬ | | | ■ | ૭ | ૮ | | ■ |
| | ■ | | ■ | ૯ | | | ૧૦ |
| | ■ | ૧૧ | ૧૨ | | ■ | ■ | |
| | ■ | ૧૩ | | | | ૧૪ | |
| ■ | ૧૫ | ■ | ■ | ■ | ૧૬ | | ■ |
| ૧૭ | | ૧૮ | | ■ | | ■ | ૧૯ |
| ૨૦ | | | ■ | ૨૧ | | | |

**આડી ચાવી**

૧. બેટીંગ, બલ્લેબાજી (૫)
૫. પરિચારીકા (૨)
૬. નાકામિયાબ (૩)
૭. ગોડાઉન (૩)
૯. પ્રપંચ (૪)
૧૧. લેવા ખાવાની દાનત (૩)
૧૩. આકાશમાંથી... રે ભોળી ભવાની મા (૩)
૧૪. જુવાર (૨)
૧૬. હિંમત (૨)
૧૭. ડ્રોઈંગ રૂમમાં બેસવાની બેઠકો (૪)
૨૦. જમીનમાંથી ખોદી કાઢેલું (૩)
૨૧. સંસારથી અલિપ્ત, ઓલિયો (૪)

**ઊભી ચાવી**

૧. ઉડાવી દેવું, સમુળગો નાશ (૫)
૨. ગુણવત્તાનું માપ, માપનું પ્રમાણ (૨)
૩. કામ ચલાવવા પૂરતું (૫)
૪. જીવતા જીવ મરણોપરાંતની વિધિ કરવી તે (૫)
૫. નર્ક, જહન્નમ (૩)
૮. ક્ષાર, દુશ્મની (૨)
૧૦. ટોકવું તે (૩)
૧૨. કુટેવ (૨)
૧૪. સજ્જડ, ... થઈ જવું (૨)
૧૫. ટીખળી, તોફાન કરે તેવું (૩)
૧૬. બોલાવવા પાડેલી બૂમ (૩)
૧૭. શોખીન હોવું, ... હોવો (૨) (જોડણીમાં છૂટછાટ લેવી)
૧૮. પથારી (૨)
૧૯. રેંકડી (૨)

### શબ્દાવલી ૪૭૭૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) સોહામણું (૩) જટાયુ (૫) હાર (૬) જમા (૭) ગમાણ (૮) અનસન (૧૦) મા (૧૧) તમા (૧૫) ધાક (૧૭) પરોપકાર (૨૦) નળ (૨૧) ચસમસાટ (૨૩) ઢાંકણી (૨૪) દફતર

**ઊભી ચાવી :-** (૧) સોહાગ (૨) હારમાળા (૩) જમાનત (૪) યુવાન (૬) જઅ (૯) સમાધાન (૧૨) કાંપ (૧૩) લપસણી (૧૪) વરસાદ (૧૬) કળતર (૧૮) રોચક (૧૯) કાચ (૨૨) ટફ




બનાસકાંઠાના સરહદી ધાનેરામાં છેલ્લા એક સપ્તાહથી દુષિત પાણીના લીધે પ્રજાજનો ઝાડા-ઉલ્ટીના શિકાર બનનારાનો આંકડો ૭૦૦ નજીક છે. મૃતાંક પાંચ પહોંચ્યો છે. ત્યારે આજે કલેક્ટર જે.બી. વોરાએ ધાનેરા સહીત આજુબાજુના નવેક ગામોને કોલેરાગ્રસ્ત વિસ્તાર જાહેર કર્યો છે. (તસવીર : રાજન ચૌધરી, ધાનેરા)

# કહેવાતા વી.આઈ.પી. રોડ ખાતે ઊભેલી રીક્ષાઓને પોલીસે દંડ ફટકાર્યો

ગાંધીનગર, તા.૪

તારીખ ૩૦.૬.૨૦૧૨ના રોજ એક તરફ સરકારની કેટલીક કચેરીઓમાંથી વયનિવૃત્ત થતા ઘણા કર્મચારીઓના વિદાયમાન સમારંભ યોજાઈ રહ્યા હતા, ત્યારે બીજી તરફ કેટલાક પોલીસ કર્મીઓને અચાનક જ્ઞાન લાધ્યું કે, સર્કિટ-હાઉસથી ઓગણીસ ચાર-રસ્તા સર્કલ વી.આઈ.પી. રોડ છે. આથી , સર્કિટ-હાઉસ અને ઓગણીસ-વીસના બસ સ્ટેન્ડ પાસે ઘણા વ"ર્ષોથી ઊભી રહેતી રીક્ષાના ચાલકોને, આ કહેવાતા વી.આઈ.પી. રોડ પાસે રીક્ષા ઊભી રાખવા બદલ પોલીસ સ્ટેશન લઈ જવા માટે ફરજ પાડી હતી. દરેક રીક્ષાવાળાઓને રૂપિયા એકસો પચાસનો દંડ ફટકાર્યો હતો. જો કે આ કહેવાતા વી.આઈ.પી. રોડની જાહેર સૂચના કે કથિત 'નો પાર્કિંગ'નું બોર્ડ આજદિન સુધી જોવા મળ્યું નથી.

આમ કૂટાઈ ગયેલા રીક્ષાવાળાઓને આ બાબતે પૂછતાછ કરતા, તેઓએ રાહતનો દમ ઘૂંટતા જણાવ્યું કે, અમોને દંડ ફટકારીને છોડી મૂક્યા છે. પોલીસ સ્ટેશન બહારની વ્યક્તિએ આપેલ માહિતી મુજબ, ગાંધીનગરમાં અન્યત્રથી પકડીને લાવેલ રીક્ષા ચાલકોને આર.ટી.ઓ.ના મેમા આપવામાં આવે છે. આ "કરણે વધુ તપાસ કરતા મળેલ જાણકારી મુજબ રોજ આશરે પંદર રીક્ષાઓને ગાંધીનગરમાંથી પકડવાનું ટાર્ગેટ પોલીસ કર્મીઓને સોંપવામાં આવ્યું હશે તેમ જણાય છે.

વીટકોસની શહેરી બસ-સેવાથી વંચિત તેમજ એસ.ટી.નિગમની સર્કિટ-હાઉસ બસ-સ્ટેન્ડથી પસાર થતી એસ.ટી.બસ સર્વિસની જૂજ અને અનિયમિત ફ્રિક્વન્સીથી ત્રસ્ત થયેલા ઓગણીસ સેક્ટર, બોરીજ અને રાજપાલ-સ્ટાફના વસાહતીઓને આ બસ-સ્ટેન્ડ ખાતે ઊભી રહેતી રીક્ષાઓનો લાભ મળતો હતો. પરંતુ, ગઈકાલે, ઉપરોક્ત રીક્ષાવાળાઓને પોલીસ તરફથી મળેલ સજાની અસર હવે આ વસાહતીઓને ફાળે જશે તેવું લાગી રહ્યું છે.

ટ્રાફિકના પાર્કિંગ મુદ્દે ઘ-પાંચથી સત્તર-બાવીસ તરફના શોપિંગ કોમ્પ્લેક્ષની સામે પાંચ નંબરના રોડની બન્ને તરફની ફૂટપાથ અને રોડની વચ્ચે "જાના પૈસે વાહન-પાર્કિંગ માટે પું બાંધકામ સરકારે કર્યું છે. તે અલગ વાત છે, તેવું ગણીને આ રોડની બન્ને તરફ 'નો પાર્કિંગ'ના બોર્ડ મૂક્યા છે. મજાની વાત એવી છે કે, આ શોપિંગ કોમ્પ્લેક્ષના ધંધાદારીઓ તેમજ ગ્રાહકો તૈયાર થયેલ આ ફૂટપાથ પર વાહનો હંકારે અને દોડાવે તેની સામે ટ્રાફિકવાળાઓને બધુ બરાબર દેખાય છે. જો તમે આ ફુટપાથ પર ચાલતા રાહદારી હોવ અને આગળ કે પાછળથી ફૂટપાથ પર દોડતા વાહનોને રસ્તો આપવામાં ક્ષણિકવાર કરો, ત્યારે તીવ્ર-અવાજવાળા હોર્નથી આ વાહન-ચાલકો તમોને ભડકાવવાની અને ભાંડવાની મજા લેતા હોય તેવા દૃશ્યો સામાન્ય ગણાય છે.

મોટામાથાઓની ચૂંટણીને હજી ખાસ્સીવાર છે, ત્યાં સુધી ટ્રાફિકના મુદ્દે વ્યવહારુઉકેલ લાવવાના બદલે, લોકોને વધુ ત્રાસ કેવી રીતે આપી શકાય, તેવી વણલખી કામગીરી કરવાની કેટલાક મીડલ-લેવલના સત્તાધીશો તક શોધતા જ રહે છે, તેવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. સરવાળે, ગાંધીનગરમાં ક્યાંક્યાં 'નો પાર્કિંગ' સત્તાવારરીતે ની કર્યું છે, તેની વિગતો અગ્રણી દૈનિકપત્રોમાં ટ્રાફિક-પોલીસ જાહેર કરે, તેવું નગરજનો ઈચ્છે, તે સ્વાભાવિક છે.

## વિપક્ષી નેતાનો મુખ્યમંત્રીને પત્ર : પ્રશ્નોત્તરીવાળું વિધાસભા સત્ર બોલાવવા માંગ

ગાંધીનગર, તા. ૪

વિધાનસભાનું સત્ર પ્રશ્નોત્તરીવાલુ બોલાવવાની માંગણી કરતો એક પત્ર વિપક્ષી નેતાએ મુખ્યમંત્રીને લખ્યો છે.

વિપક્ષી નેતા શક્તિસિંહ ગોહિલે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે આપ મુખ્યમંત્રી થયા પછી પૂરતા સમયાંતર માટેનું વિધાનસભા સત્ર બોલાવવાની પરંપરા સતત તોડવાનું કામ આપના દ્વારા થયું છે. વિધાનસભાનું સત્ર ૬ મહિના બાદ માત્ર એક કે બે દિવસ બોલાવવું એ કોઈ સંજોગોમાં વાજબી નથી.

તેમણે જણાવ્યું છે કે વિધાનસભાનું સત્ર મળેત્યારે નિયમોની જોગવાઈ મુજબ ધારાસભ્યોને વિધાનસભામાં પ્રશ્નો પૂછવાનો નિયમથી અધિકાર પ્રાપ્ત થાયછે. તમારા દ્વારા વિધાનસભાના નિયમોથી વિરૂદ્ધ ધારાસભ્યોને પ્રશ્નો નહી પૂછવા દેવાની ચેષ્ટા ભૂતકાળમાં થયેલી છે.

### તંત્રની તૈયારીઓ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

શરૂ થઈ ચુકી હોવાનું જાણવા મળેલ છે. જે મશીનો દુરસ્ત કરાવવા પાત્ર હશે તે અલગ તારવવામાં આવશે અને તે અંગેની કામગીરી પણ અલગથી કરવામાં આવશે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મતદારયાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન જે અરજીઓ મળી છે તેની ડેટા એન્ટ્રીની કામગીરી પણ ઝડપથી શરૂ કરવા તેમજ તે અંગેની સુનાવણી સહિતની કામગીરી પણ ૧૫ ઓગષ્ટ સુધીમાં સંપન્ન થાય તે જોવા કડક તાકીદ કરી છે.

રાજ્યભરમાં ૧૦મી જુલાઈ પછી આ કામગીરીમાં વધુ વેગ આવશે તેમ પંચના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે પંચે મતદાન મથકો અંગેની દરખાસ્તોની ચકાસણી પૂર્ણ કરી લીધી છે. હવે આ અંગેના હુકમો પણ ટૂંકમાં જ કરી દેવામાં આવશે.

નવા સુધારેલા નિયમો અને નવા સીમાંકન સાથેની આ પ્રથમ સામાન્ય ચૂંટણી હોવાને કારણે પંચ નાની બાબતો અંગે પણ વિશેષ કાળજી રાખી રહેલ છે. પંચ દ્વારા આ વખતની સામાન્ય ચૂંટણી દરમ્યાન મુક્ત, ન્યાયી વાતાવરણ જળવાઈ રહે તે માટે તેમજ રાજકીય પક્ષોને સાથે રાખી આગળ વધવા માગે છે.

સોમવારે કેન્દ્રીય ચૂંટણી પંચ ગુજરાત આવી રહ્યું છે આ પછી પંચની કામગીરી વધુ વેગીલી બનશે.

### ગુજરાતના પ્રવાસે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ગુજરાતમાં ભાજપના ધારાસભ્યોના સૌથી વધારે મતો સંગમાને મળવાના છે. ક્રોસ વોટીંગ થવાની કોઈ શક્યતા નથી, બીજી તરફ કોંગ્રેસ અને એનસીપીમાં પણ ક્રોસ વોટીંગ થઈ શકે તેમ નથી. ભાજપના સભ્યોનું સંખ્યાબળ વધારે હોવાથી સંગમાને ગુજરાતમાં ફાયદો છે. તેમને સત્કારવા તેમજ તેમની સાથે ચર્ચા કરવા ભાજપ વિધાનસભા પક્ષની બેઠક વિધાનસભા સંકુલમાં ભાજપના સમિતિ ખંડમાં રાખવામાં આવી છે.

આ બેઠકમાં ગુજરાત ભાજપના ધારાસભ્યો, સંસદસભ્યો અને પ્રદેશના આગેવાનો ઉપસ્થિત રહેશે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પણ આ બેઠકમાં હાજરી આપવાના છે. પાર્ટી તરફથી તમામ સભ્યોને વ્હિપ ઈસ્યુ કરવામાં આવશે. રાષ્ટ્રપતિની ચૂંટણીનું મતદાન ૧૯મી જુલાઈએ નિશ્ચિત કરવામાં આવ્યું છે.

ભારતના રાષ્ટ્રપતિપદના આ બન્ને ઉમેદવાર નોમિનેશન પછી પ્રથમવાર ગુજરાત આવી રહ્યાં છે. બન્નેના નોમિનેશન ચૂંટણી પંચે મંજૂર કર્યા છે તેથી આ બન્ને ઉમેદવારો વચ્ચે સ્પર્ધા રહેશે, જો કે પ્રણવ મુકરજીનું પલ્લું હાલ ભારે છે, અને ભારે થતું જાય છે.

બન્ને ઉમેવારો તેમના મતદાર એવાં ધારાસભ્યો અને સંસદસભ્યોને મળીને મત આપવાની વિનંતી કરી રહ્યાં છે. તેઓ બન્ને ચૂંટણી પૂર્વે દેશના તમામ રાજ્યોમાં ફરશે.

ભાજપના ધારાસભ્યો, સંસદસભ્યો અને પ્રદેશ આગેવાનોની વિધાનસભા પક્ષના કાર્યાલયમાં બેઠક મળશે,આજે પ્રવણ મુકરજી ગુજરાત આવશે

### કોમ્પ્યુટર સાક્ષરતા અભિયાન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ગુજરાત સરકારના રોજગાર અને શ્રમ વિભાગના ઉપક્રમે આ ફૂપ્ભ્બ્બ્ટ્ટ-કોમ્પ્યુટરના બેઝીક તાલીમ કોર્સનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ થતાં જ ૧.૦૪ લાખ જેટલા યુવક-યુવતિઓએ રજિસ્ટ્રેશન કરાવી લીધું છે. જેમાં ૮૪ ટકા ગ્રામ યુવક-યુવતિઓ અને ૩૫,૦૦૦થી વધુ મહિલાઓ કોમ્પ્યુટર સાક્ષરતાના બેઝીક કોર્ષમાં જોડાઈ છે. રાજ્યમાં આઈ.ટી.આઈ., કૌશલ્ય વર્ધન કેન્દ્રો અને રોજગાર કચેરીઓમાં મળીને ૬૨૦ જેટલી સંસ્થાઓમાં ધો.૫ પાસ અને ૧૪ વર્ષથી વધુ ઉંમરના કોઈપણ વ્યક્તિ ગ્ઘ્દ-કોમ્પ્યુટર સાક્ષરતા અભિયાનમાં જોડાઈ શકશે. આ ફૂપ્ભ્બ્બ્ટ્ટકોર્સની ફી માત્ર રૂા. પચાસ રાખી છે અને તેમાં પણ મહિલાઓ, અનુસૂચિત જાતિ અને જનજાતિ, બીપીએલ, વિકલાંગ તથા સામાજિક-શૈક્ષણિક આર્થિક પછાતવર્ગોના લોકો **eMPOWER**ની તાલીમ સંપૂર્ણ વિનામૂલ્યે લઈ શકશે. આઈટીની જગવિખ્યાત માઈક્રોસોફ્ટ કંપનીના તાલીમ શિક્ષકો **eMPOWER**ની તાલીમ આપશે અને ગ્ઘ્નું પ્રમાણપત્ર પણ આપશે.

બારસો વરસની ગુલામીની પછાતપણાનો ભોગ ફરીથી બનવું ના પડે તે માટે યુવાનો સંકલ્પ કરે કે પોતાની ક્ષમતા અને શક્તિથી ભગીરથ, અવિરત પુરૂષાર્થ કરતા રહે એવું આહ્વાન તેમણે કર્યું હતું.

ટેકનોલોજીને વિકાસના એક અવસર અને તક તરીકે અપનાવી લેવાનો અનુરોધ કરતાં મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, ૨૧મી સદી કોની હોય તેની સ્પર્ધા હિન્દુસ્તાન અને ચીન વચ્ચે ચાલી રહી છે અને હિન્દુસ્તાન પાસે ૬૫ ટકા જેટલી યુવાશક્તિ યૌવનથી તરબતર છે ત્યારે આ દેશની યુવાશક્તિને અવસર મળશે તો તેના સામર્થ્યની તાકાત વિશ્વને બતાવી શકશે.

**eMPOWER** અભિયાનને ગુજરાતના આ વર્ષના બજેટમાં કરેલી જોગવાઈથી શરૂ કરી દીધું છે. જો કોઈને કોમ્પ્યુટર નહીં આવડતું હોય કે ઈન્ફર્મેશન ટેકનોલોજી નહીં જાણતા બધા જ અભણ જ ગણાશે અને ગુજરાતમાં કોઈ આવી ટેકનોલોજીના જ્ઞાનથી અભણ રહે એ મંજૂર નથી એમ પણ તેમણે જણાવ્યું હતું.

**eMPOWER**-કોમ્પ્યુટરની બેઝીક કોર્સ તાલીમ- ગ્ઘ્થી દરેક વ્યક્તિનું મૂલ્યવર્ધન થવાનું જ છે એમ જણાવતાં મુખ્ય મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ગામેગામથી ઓનલાઈન રજિસ્ટ્રેશન ૧.૦૪ લાખ ઉપર પહોંચી ગયું છે અને ૮૪ ટકા તો ગામડાની વ્યક્તિઓ છે અને ૩૪ ટકા તો બહેનો છે જે ઉજ્જવળ ભવિષ્યનો સંકેત આપે છે.

## સમાચાર ઝલક

- મુંબઈમાં બોમ્બ મળ્યો, તેને કર્યો છતાં ગભરાટ ફેલાયો, બોમ્બ નકલી હતો.
- સોમનાથ મહાદેવમાં વરૂણદેવને રીઝવવા માટે પર્જન્ય યજ્ઞ કરાયો.
- રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ભાજપમાં ક્રોસ વોટીંગ થવાનો ભય.
- રાજકોટની યુવતી એમ્સની પરીક્ષામાં દ્વિતીય નંબરે ઉત્તીર્ણ.
- ધારાસભ્યોને ૨૦ લાખની કાર લોન માટેનો ઉત્તરપ્રદેશ સરકારનો નિર્ણય મુલત્વી રાખ્યો.
- ઉત્તર ગુજરાતમાં વહેલી સવારે મેઘરાજાએ પધરામણી કરી, જગતનો તાત ખુશ.
- ધાનેરામાં રોગચાળાના ૬૦૦ કેસો નોંધાયા : પાંચનાં મૃત્યુ.
- લંડનમાં ઓલિમ્પિકમાં સુરક્ષા માટે મિસાઈલ્સ ગોઠવવામાં આવશે.
- ગૌરક્ષાના સેવકોને પોલીસ માર મારતાં ગઢડા બંધ, ભાવનગરમાં ગૌરક્ષકોમાં રોષની લાગણી.
- ઇટાલીમાં પોતાની પત્ની વધુ સુંદર હોવાથી પતિએ હત્યા કરી.

## જાગૃત નાગરિક પરિષદ દ્વારા શહેરના યક્ષ પ્રશ્નોની આક્રોશપૂર્ણ ચર્ચા યોજાઈ

ગાંધીનગર, તા.૪

જાગૃત નાગરિક પરિષદની માસિક સભામાં પાટનગરના પ્રાણપ્રશ્નો અંગે આક્રોશપૂર્ણ ચર્ચા અને રજૂઆતો થયેલ હતી. મહાનગર પાલિકા સફાઈમાં નિષ્ફળ નીવડેલ છે. વીજળીના સળગતા પ્રશ્નોની ચર્ચા વિચારણા કરીને ટોરેન્ટમાં રજૂઆત કરવાનું નક્કી કરવામાં આવ્યું. પાટનગરના અસરકારક પ્રશ્નો સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરવામાં આવશે. પાટનગરમાં પ્રેસ કોન્ફરન્સ કરીને સળગતા પ્રશ્નોની છણાવટ કરીને રજૂઆત કરાશે. આ અંગેની જવાબદારી જ્યોતિન્દ્રભાઈ દવેને સોંપવામાં આવી છે. પ્રશ્નોનું સંકલન રજૂઆત માટે રવિન્દ્રભાઈ દવે પ્લોટ નં. ૭૫૫/૧ જાગૃતિ પાર્ક, સેકટર-૩૦માં મોકલવા જણાવવામાં આવેલ છે. આડેધડ મનસ્વી રીતે બાંકડા મુકવામાં આવ્યા છે. તે અંગે પરામર્શ કરવામાં આવશે તેમ ઠરાવ્યું છે. જંગલખાતાના લગતા પ્રશ્નોની પણ રજૂઆત પ્રશ્નો હલ કરવામાં રસ ધરાવતા નથી. ગૃહમંત્રીને મળીને રજૂઆત કરવામાં આવશે. સેકટર-૨૪ શાકમાર્કેટમાં અસહ્ય ભીડ વાહનોની બેફામ ઝડપે હાંકવામાં આવે છે. તે અંગે ચર્ચા થઈ.

આ પરામર્શમાં લવજીભાઈ વાડીઆ, રવિન્દ્રભાઈ દવે, જ્યોતિન્દ્રભાઈ દવે, જયંતભાઈ ભટ્ટ, મુળજીભાઈ પરમાર, ભાનુપ્રસાદ પુરાણી, સોમાભાઈ પરમાર, રાજેન્દ્રભાઈ પારેખ વગેરે હાજર હતા.

## વણકર સમાજના લગ્નોત્સુક યુવક યુવતીઓ માટે પરિચય સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજ દ્વારા સમાજના લગ્નોત્સુક યુવકો અને યુવતીઓ માટે આગામી સમયમાં પરિચય સંમેલન યોજવામાં આવશે. સંમેલનમાં જોડાવા માગતા ઉમેદવારોએ સંસ્થાના કાર્યાલયમાંથી ફોર્મ મેળવી લેવા.

વણકર સમાજના લગ્નોત્સુક યુવક યુવતીઓએ સંમેલનમાં ભાગ લેવા માટે સંસ્થાના કાર્યાલય પ્લોટ નં. ૨૨૮/૨, સેક્ટર-૫-એ, ગાંધીનગર ખાતેથી ફોર્મ મેળવી લેવું. અથવા સંસ્થાના પ્રતિનિધિઓ સર્વ શ્રીમતિ અનિતાબેન ચૌહાણ સેક્ટર-૫, ફોન નં. ૨૩૨૨૬૦૬૬ અથવા બકુલાબેન પરમાર સેક્ટર-૨૪, મો. નં. ૯૯૯૮૦૦૪૪૬૮ અથવા હર્ષાબેન સુતરીયા સેક્ટર-૨૭ મો. નં. ૯૬૮૭૧૨૯૩૩૦ અથવા દક્ષાબેન મકવાણા સેક્ટર-૧૪, મધુબેન મકવાણા, રશ્મિકાબેન સોલંકી, સેક્ટર-૫, કુમુદબેન એન્જીનીયર સેક્ટર-૨૩, મો. નં. ૭૮૭૪૦૧૧૦૨૨ અથવા દિનાબેન વણકર સેક્ટર-૨૭ મો. નં. ૯૪૨૭૪ ૦૮૯૦૬ પર સંપર્ક કરવા સંસ્થાના પ્રમુખ રમીલાબેન પરમારે જણાવ્યું છે.

## ગાંધીનગરમાં તાલીમાર્થી ભાઈ-બહેનો માટે છાત્રાલયની સુવિધા કરવા માંગણી

ગાંધીનગર, તા.૪

ગુજરાત સરકારે માનવ ધનવિકાસ તથા તાલીમ બદ્ધ કર્મચારીઓ માટે દરેક વિભાગ ખાતાના અંદાજપત્રમાં ખર્ચની જોગવાઈ રાખેલ છે.

પરંતુ જિલ્લા કચેરીઓના કર્મચારીઓ ખાસ કરીને મહિલા કર્મચારીઓ દૂર પોરબંદર, કચ્છ, વાવ, થરાદ, વલસાડ, ડાંગ, દાહોદથી તાલીમ માટે આવે ત્યારે તેમને રહેવાની - જમવાની મુશ્કેલી પડે છે. પથિકાશ્રમ, વિશ્રામગૃહ, સ્ટાફ ટ્રેનિંગ કોલેજ પુરતો સરકાર આપતા નથી. ત્યારે આવા તાલીમ માટે આવેલા કર્મચરીઓને રહેવા માટે સગા વ્હાલાને ત્યાં રહેવું પડે છે અથવા અમદાવાદ જવું પડે છે. આ બાબત વિચારવા જેવી વહીવટ સુધારણા વિભાગ તાલીમની સીધા માર્ગદર્શન નીચે ગાંધીનગર ખાતે રહેવા જમવાની સગવડતાવાળી તાલીમ હોસ્ટેલ મહિલા અને તાલીમ હોસ્ટેલ ભાઈઓની હોવી જોઈએ. ગાંધીનગરમાં સરકારી ખાલી ક્વાર્ટસમાં હોસ્ટેલ બનાવી શકાય તેમ છે. તો સત્વરે કાર્યવાહી કરવી જોઈએ.

## એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ગુરુપૂર્ણિમા ઉજવાઈ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ગુરુપૂર્ણિમા પર્વની સુંદર રીતે ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં ગુરુ પૂજન, આશીર્વચન અને ગુરુભક્તિના કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. જેમાં શાળાની વિદ્યાર્થિનીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો.

ગુરુ પૂર્ણિમા પર્વ નિમિત્તે શાળાની તમામ વિદ્યાર્થિનીઓ રંગબેરંગી સુંદર વસ્ત્રોમાં સજ્જ થઈને આવી હતી. શિક્ષક-ગુરુ તથા આચાર્ય-સુપરવાઈઝરનું વિદ્યાર્થિનીઓએ પૂજન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ગુરુએ બાળાઓને મોં મીઠુ કરાવી ગુરુ ભક્તિના ગીતોની સ્પર્ધા માણી હતી. ધોરણ-૫ થી ૮ની વિદ્યાર્થિનીઓએ રસપૂર્વક ગુરુભક્તિના ગીતોની સ્પર્ધામાં ભાગ લીધો હતો. ગ્રુપ-એ માં દિપાલી પરાગકુમાર નાયી પ્રથમ અને જીની રાજેશભાઈ વ્યાસ દ્વિતીય નંબરે વિજેતા થઈ હતી. ગૃપ-બી માં પૂજા દશરથભાઈ લિમ્બાચીયા પ્રથમ નંબરે અને ભાર્ગવી રોહિતભાઈ પ્રજાપતિ દ્વિતીય નંબરે વિજેતા થઈ હતી. શાળાની તમામ વિદ્યાર્થિનીઓને શાળા પરિવાર વતી આચાર્યએ આશીર્વાદ આપ્યા હતા.